# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

## જાહેરાત ક્રમાંકઃ Forest/202223/1ની Re-revised  Final Answer Keys બાબતે અગત્યની સૂચના

ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગના નિયંત્રણ હેઠળની અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી અને હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર હસ્તકની વન રક્ષક (Forest Guard), વર્ગ-3 સંવર્ગની કુલ-૮૨૩ જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી અને હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સ, ગાંધીનગર દ્વારા તા.૨૦/૧૦/૨૦૨૨ના રોજ જાહેરાત ક્રમાંકઃ Forest/202223/1 પ્રસિદ્ધ કરવામાં આવેલ.

આ પરીક્ષા  ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા તા.૦૮/૦૨/૨૦૨૪ થી તા.૨૭/૦૨/૨૦૨૪ દરમ્યાન કુલ-૪૮ સેશનમાં CBRT (Computer Based Response Test) પદ્ધતિથી લેવામાં આવેલ.  જેની પ્રોવિઝનલ આન્સર-કી  પ્રસિદ્ધ કરી ઉમેદવારો પાસેથી તા.૦૭/03/૨૦૨૪ થી તા.૨૫/03/૨૦૨૪ દરમ્યાન વાંધા અરજીઓ મંગાવવામાં આવેલ હતી. ત્યારબાદ **Final Answer Key cum Response Sheet** મંડળની વેબસાઇટ ઉપર તા.૦૬/૦૫/૨૦૨૪ના રોજ સાંજે ૧૮-૦૦ કલાકે પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી. ઉક્ત પ્રસિદ્ધ કરવામાં આવેલ **Final Answer Key cum Response Sheet**માં પણ કેટલીક ક્ષતિઓ રહેવા પામેલ છે, તેવી રજૂઆતો કેટલાક ઉમેદવારો દ્વારા મંડળને કરવામાં આવેલ હતી.  જે ધ્યાને લઇ, મંડળ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ **Final Answer Key cum Response Sheet** સામે તા.૧૩/૦૫/૨૦૨૪ થી તા.૧૬/૦૫/૨૦૨૪ પુનઃ Online માધ્યમથી વાંધા સૂચનો મંગાવવામાં આવેલ હતાં.

ઉક્ત મળેલ વાંધાઓની ચકાસણીને અંતે તા.૦૭/૦૬/૨૦૨૪ના રોજ ૧૮-૦૦ કલાકે **Revised Final Answer Key cum Response Sheet**  પ્રસિદ્ધ કરી ઉમેદવારોને **Revised Final Answer Key cum Response Sheet** જોવા તથા ડાઉનલોડ કરવા અંગેની સૂચના મંડળની વેબસાઇટ ઉપર સૂચના પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી.

**Revised Final Answer Key cum Response Sheet સામે પણ ઉમેદવારો દ્વારા કરેલ રજુઆતો/વાંધા/સૂચનો ધ્યાને લઇ તેની સ્કુટીની કરી Re-revised Final Answer Key cum Response Sheet** પ્રસિદ્ધ કરવાનો મંડળ દ્વારા નિર્ણય લેવામાં આવેલ છે.

**Re-revised Final Answer Key cum Response Sheet** જોવા તથા ડાઉનલોડ કરવા અંગેની લીંક તા.૧૫/૦૭/૨૦૨૪ના રોજ સાંજે ૦૭-૦૦ કલાકે ઓપન કરવામાં આવશે. જેની લીંક નીચે મુજબ છે.

https://g26.digialm.com//EForms/loginAction.do?subAction=ViewLoginPage&formId=87730&orgId=32791&app_seq_no=214008

આ લીંક તા. ૨૧/૦૭/૨૦૨૪, ૨૩-૫૫ કલાક સુધી ખુલ્લી રહેશે. જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવા જણાવવામાં આવે છે.

સ્થળ: ગાંધીનગર
તારીખ: ૧૫/૦૭/૨૦૨૪

**હસમુખ પટેલ**
સચિવ